Sunday
27.11.2022
*Volume :7 * Issue No.117
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીએ બંધારણ દિવસની ઉજવણી નિમિત્તે ભારતની સર્વોચ્ચ અદાલતમાં યોજાયેલા કાર્યક્રમમાં સંબંધોન આપ્યું



કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતની સર્વોચ્ચ અદાલત ખાતે યોજવામાં આવેલી બંધારણ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો અને અહીં ઉપસ્થિત સભાને સંબોધન આપ્યું હતું. ૨૦૧૫થી, દર વર્ષે ૨૬મી નવેમ્બરના રોજ બંધારણ દિવસ ઉજવવામાં આવે છે. ૧૯૪૯માં બંધારણ સભા દ્વારા આ દિવસે ભારતનું બંધારણ અપનાવવામાં આવ્યું હતું તેની યાદમાં આ ઉજવણી કરવામાં આવે છે.પ્રધાનમંત્રીએ કાર્યક્રમ દરમિયાન ઈ-કોર્ટ પ્રોજેક્ટ હેઠળ વિવિધ નવી પહેલો પણ શરૂ કરી હતી જેમાં વર્ચ્યુઅલ જસ્ટિસ ક્લોક, JustIS મોબાઈલ એપ્લિકેશન ૨.૦, ડિજિટલ કોર્ટ અને S3WaaS વેબસાઈટ્સનો સમાવેશ થાય છે. બંધારણ દિવસની શુભેચ્છા પાઠવતા પ્રધાનમંત્રીએ યાદ કર્યું હતું કે, ૧૯૪૯માં આજના દિવસે જ સ્વતંત્ર ભારતે પોતાના માટે એક નવા ભવિષ્યનો પાયો નાંખ્યો હતો. પ્રધાનમંત્રીએ આઝાદી કા અમૃત મહોત્સવના વર્ષમાં બંધારણ દિવસના વિશેષ મહત્વની પણ નોંધ લીધી હતી. તેમણે બાબાસાહેબ ડૉ. બી. આર. આંબેડકર અને બંધારણ સભાના તમામ સભ્યોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પ્રધાનમંત્રીએ ભારતીય બંધારણના વિકાસ અને વિસ્તરણની સફરના છેલ્લા ૭૦ દાયકામાં ધારાસભા, ન્યાયતંત્ર અને કારોબારીમાંથી અસંખ્ય વ્યક્તિઓએ આપેલા યોગદાનને ઉજાગર કર્યું અને આ ખાસ અવસર પર સમગ્ર રાષ્ટ્ર વતી તેમના પ્રત્યે આભાર વ્યકત કર્યો હતો. પ્રધાનમંત્રીએ આપણા દેશના ઈતિહાસના એ અંધકારમય દિવસને યાદ કર્યો હતો જ્યારે દેશ બંધારણ દિવસના મહત્વપૂર્ણ અવસરની ઉજવણી કરી રહ્યો હતો, ત્યારે ૨૬ નવેમ્બરના રોજ ભારતે તેના ઈતિહાસમાં માનવતાના દુશ્મનો દ્વારા કરવામાં આવેલા સૌથી મોટા આતંકવાદી હુમલાનો સામનો કરવો પડ્યો હતો. શ્રી મોદીએ મુંબઈમાં થયેલા ભયંકર આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પ્રધાનમંત્રીએ યાદ અપાવ્યું હતું કે, વર્તમાન વૈશ્વિક પરિદ્રશ્યમાં, ભારતની વધતી અર્થવ્યવસ્થા અને આંતરરાષ્ટ્રીય છબી વચ્ચે સમગ્ર દુનિયા અત્યારે ભારત તરફ આશા સાથે જોઈ રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, શરૂઆતના તબક્કામાં ભારતની સ્થિરતા અંગે લોકોના મનમાં રહેલી તમામ આશંકાઓને નકારીને, અત્યારે ભારત સંપૂર્ણ તાકાત સાથે આગળ વધી રહ્યું છે અને તેની વિવિધતા પર ગૌરવ લઈ રહ્યું છે. તેમણે આ સફળતાનો શ્રેય બંધારણને આપ્યો હતો. આગળ પોતાની વાત ચાલુ રાખતા, પ્રધાનમંત્રીએ પ્રસ્તાવનાના પ્રારંભિક શબ્દો, 'અમે લોકો'નો ઉલ્લેખ કર્યો અને કહ્યું હતું કે, 'અમે લોકો' એ એક આહ્વાન, એક ભરોસો અને શપથ છે. બંધારણની આ ભાવના ભારતની ભાવના છે, જેને દુનિયામાં લોકશાહીની માતા કહેવામાં આવે છે''. તેમણે કહ્યું હતું કે, ''આધુનિક સમયમાં, બંધારણે રાષ્ટ્રની તમામ સાંસ્કૃતિક અને નૈતિક લાગણીઓને સ્વીકારી છે.'' લોકશાહીની માતા તરીકે દેશ બંધારણના આદર્શોને વધુ મજબૂત કરી રહ્યો છે અને જનહિતકારી નીતિઓ દેશના ગરીબો તેમજ મહિલાઓનું સશક્તિકરણ કરી રહી છે તે બાબતે પ્રધાનમંત્રીએ ખુશી વ્યક્ત કરી હતી. તેમણે માહિતી આપી હતી કે, સામાન્ય નાગરિકો માટે કાયદાને સરળ અને સુલભ બનાવવામાં આવી રહ્યા છે અને ન્યાયતંત્ર સમયસર ન્યાય મળી રહે તેની ખાતરી કરવા માટે ઘણા પગલાં લઈ રહ્યું છે. પ્રધાનમંત્રી સ્વતંત્રતા દિવસ નિમિત્તે આપેલા સંબોધનમાં ફરજો પર તેમણે ખાસ ભાર મૂક્યો હતો તેનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, તે બંધારણની ભાવનાની અભિવ્યક્તિ છે. અમૃતકાળને 'કર્તવ્યકાળ' ગણાવતા, પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આઝાદીના અમૃતકાળમાં જ્યારે રાષ્ટ્રમાં આઝાદીના ૭૫ વર્ષ પૂરા થઈ રહ્યા છે અને જ્યારે આપણે આવનારા ૨૫ વર્ષમાં વિકાસની નવી સફરનો પ્રારંભ કરી રહ્યા છીએ ત્યારે રાષ્ટ્ર પ્રત્યેની ફરજનો મંત્ર સૌથી પહેલા અને સર્વોપરી આવે છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે, ''આઝાદીનો અમૃતકાળ એ દેશ પ્રત્યે ફરજ નિભાવવાનો સમય છે. લોકો હોય કે પછી સંસ્થાઓ, આપણી જવાબદારીઓ આપણી સર્વોપરી પ્રાથમિકતા છે''. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોઈના 'કર્તવ્ય માર્ગ' પર ચાલીને દેશ વિકાસની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરી શકે છે. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે એક અઠવાડિયામાં, ભારત ૨૨૦નું અધ્યક્ષપદ પ્રાપ્ત કરવા જઈ રહ્યું છે અને એ બાબત પર ભાર મૂક્યો હતો કે, એક ટીમ તરીકે દુનિયામાં ભારતના મોભા અને પ્રતિષ્ઠાને પ્રોત્સાહન આપવાની જરૂર છે. તેમણે ઉમેર્યું હતું કે, ''આ આપણી સામૂહિક જવાબદારી છે, લોકશાહીની માતા તરીકે ભારતની ઓળખને વધુ મજબૂત કરવાની જરૂર છે.'' યુવા-કેન્દ્રિત ભાવનાને રેખાંકિત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, બંધારણ તેની નિખાલસતા, ભવિષ્યવાદિતા અને તેની આધુનિક દૃષ્ટિકોણ માટે જાણીતું છે. તેમણે ભારતની વિકાસગાથાના તમામ પાસાઓમાં યુવા શક્તિની ભૂમિકા અને તેમના યોગદાનનો સ્વીકાર કર્યો હતો. પ્રધાનમંત્રીએ સમાનતા અને સશક્તિકરણ જેવા મુદ્દાઓને વધુ સારી રીતે સમજવા માટે યુવાનોમાં ભારતના બંધારણ વિશે જાગૃતિ વધારવાની જરૂરિયાત પર ભાર મૂકીને જ્યારે આપણું બંધારણ ઘડવામાં આવ્યું હતું એ સમયને યાદ કર્યો હતોઅને ત્યારે જે સંજોગો દેશ સમક્ષ ઊભા થયા હતા તેની વાતો કરી હતી. તેમણે એ બાબતે સૌનું ધ્યાન દોર્યું હતું કે, ''તે સમયે બંધારણ સભાની ચર્ચાઓમાં શું થયું હતું, તે અંગે આપણા યુવાનોએ આ તમામ મુદ્દાઓ વિશે જાગૃત હોવું જોઈએ''. તેમણે વધુમાં ઉમેર્યું હતુ કે, આનાથી બંધારણમાં તેમનો રસ વધશે. પ્રધાનમંત્રીએ ઉદાહરણ આપ્યું હતું કે, તે વખતે ભારતની બંધારણ સભામાં ૧૫ મહિલા સભ્યો હતી અને તેમાંથી દક્ષિણી વેલાયુધન જેવી મહિલાઓ કે જેઓ એક વંચિત સમાજમાંથી ત્યાં સુધી પહોંચ્યા હતા તે બાબત પર પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ દક્ષિણી વેલાયુધન જેવી મહિલાઓએ આપેલા યોગદાનની ભાગ્યે જ ચર્ચા કરવામાં આવે છે તે અંગે અફસોસ વ્યક્ત કર્યો હતો અને માહિતી આપી હતી કે તેમણે દલિતો અને શ્રમિકોને લગતા ઘણા વિષયો પર મહત્વપૂર્ણ હસ્તક્ષેપ કર્યા છે. પ્રધાનમંત્રીએ દુર્ગાબાઈ દેશમુખ, હંસા મહેતા અને રાજકુમારી અમૃત કૌર તેમજ અન્ય મહિલા સભ્યોના દ્રષ્ટાંતોનો ઉલ્લેખ કર્યો હતો જેમણે મહિલાઓને લગતા મુદ્દાઓમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમણે આગળ કહ્યું હતું કે, ''જ્યારે આપણા યુવાનો આ હકીકતો જાણશે, ત્યારે તેઓને તેમના પ્રશ્નોના જવાબો મળશે'', પ્રધાનમંત્રી પોતાનીવાતના સમાપનમાં જણાવ્યું હતું કે, ''તેના કારણે બંધારણ પ્રત્યે વફાદારી કેળવાશે જે આપણી લોકશાહી, આપણું બંધારણ અને દેશના ભવિષ્યને મજબૂત બનાવશે.''આઝાદીનાઅમૃતકાળમાં, દેશની આ જ તો જરૂરિયાત છે. મને આશા છે કે આ બંધારણ દિવસ આ દિશામાં આપણા સંકલ્પોને વધુ ઉર્જા આપશે.'' આ કાર્યક્રમમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ ડૉ. ડી. વાય. ચંદ્રચુડ, કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી શ્રી કિરણ રિજિજુ, ભારતની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો, ન્યાયમૂર્તિ સંજય કિશન કૌલ અને ન્યાયમૂર્તિ એસ. અબ્દુલ નઝીર, કેન્દ્રીય કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી પ્રો. એસ.પી. બઘેલ, ભારતના એટર્નીજનરલશ્રીઆર.વેંકટરામાની, ભારતના સોલિસિટર જનરલ શ્રી તુષાર મહેતા અને સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ શ્રી વિકાસ સિંહ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

- આ પ્રોજેક્ટ અદાલતોની ICT સક્ષમતા દ્વારા ધારાશાસ્ત્રીઓ, વકીલો અને ન્યાયતંત્રને સેવાઓ પૂરી પાડવાની દિશામાં એક પ્રયાસ છે. પ્રધાનમંત્રી દ્વારા શરૂ કરવામાં આવેલી વિવિધ પહેલોમાં વર્ચ્યુઅલ જસ્ટિસ ક્લોક, JustIS મોબાઇલ એપ ૨.૦, ડિજિટલ કોર્ટ અને S3WaaS વેબસાઇટ્સનો સમાવેશ થાય છે.
- વર્ચ્યુઅલ જસ્ટિસ ક્લોક એ અદાલત સ્તરે ન્યાય આપવાની પ્રણાલીના મહત્વપૂર્ણ આંકડા દર્શાવવા માટેની એક પહેલ છે જે અદાલત સ્તરે દિવસ/અઠવાડિયા/મહિનાના આધારે દાખલ કરાયેલા કેસ, નિકાલ કરાયેલા કેસ અને પડતર કેસની વિગતો આપે છે. અદાલત દ્વારા કેસના નિકાલની સ્થિતિ લોકો સાથે શેર કરીને અદાલતની કામગીરીને જવાબદાર અને પારદર્શક બનાવવાનો આ પ્રયાસ છે. સામાન્ય લોકો જિલ્લા અદાલતની વેબસાઇટ પર કોઇપણ અદાલતની વર્ચ્યુઅલ જસ્ટિસ ક્લોકને એક્સેસ કરી શકે છે.
- JustIS મોબાઇલ એપ ૨.૦ એ ન્યાયિક અધિકારીઓને અસરકારક અદાલત અને કેસ સંચાલન માટે ઉપલબ્ધ કરાવવમાં આવેલું એક સાધન છે જે ફક્ત તેની/તેણીની અદાલત જ નહીં પરંતુ તેમની હેઠળ કામ કરતા વ્યક્તિગત ન્યાયાધીશોની પેન્ડન્સી અને નિકાલ પર દેખરેખ રાખે છે. આ એપ ઉચ્ચ અદાલત અને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોને પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે જેઓ હવે તેમના અધિકારક્ષેત્ર હેઠળના તમામ રાજ્યો અને જિલ્લાઓમાં પડતર કેસો અને નિકાલ પર દેખરેખ રાખી શકે છે.
- ડિજિટલ કોર્ટ એ પેપરલેસ કોર્ટમાં સ્થાનાંતરણ કરી શકાય તે માટે ન્યાયાધીશને ડિજિટાઇઝ્ડ સ્વરૂપમાં અદાલતના રેકોર્ડ્સ ઉપલબ્ધ કરાવવાની પહેલ છે.
- S3WaaS વેબસાઇટ્સ એ જિલ્લા ન્યાયતંત્રને લગતી સ્પષ્ટ માહિતી અને સેવાઓ પ્રકાશિત કરવા માટે વેબસાઇટ જનરેટ કરવા, કન્ફિગર કરવા, નિયુક્ત કરવા અને સંચાલિત કરવા માટેનું માળખું છે. S3WaaS એ એક ક્લાઉડ સેવા છે જે સરકારી સંસ્થાઓ માટે સુરક્ષિત, વ્યાપક કરવા પાત્ર અને સુગમ્ય (એક્સેસિબલ) વેબસાઇટ્સ જનરેટ કરવા માટે તૈયાર કરવામાં આવી છે. તે બહુભાષી, નાગરિકો માટે મૈત્રીપૂર્ણ અને દિવ્યાંગો માટે મૈત્રીપૂર્ણ બનાવવામાં આવી છે.

# "સાંકળચંદ પટેલ યુનિવર્સિટી,વિસનગર ખાતે પાંચમોપદવીદાન સમારોહ યોજાશે"



કમલમ્ ન્યુઝ,

વર્ષ ૧૯૫૨ થી કાર્યરત અને શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વિસનગરના સંસ્થાપક, સ્વતંત્રા સેનાની,પ્રેરણામૂર્તિ અને કર્મવીર સ્વ. શ્રી સાંકળચંદભાઈ પટેલની ૩૬મી પુણ્યતિથિના સ્મરણીય દિવસે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા તારીખ ૨૮ નવેમ્બર૨૦૨૨,સોમવારના રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનાપદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. યુનિવર્સિટીનાપાંચમાંપદવીદાન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકેડો. સુંદર મનોહરન, ડાયરેક્ટર જનરલ,પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર,શ્રી ગગજીભાઈ સુતરીયા, પ્રમુખશ્રી,સરદારધામ, અમદાવાદ તથા માનનીય શારદાબેન પટેલ, મહેસાણા જિલ્લા સાંસદ ઉપસ્થિત રહેશે અને વિદ્યાર્થીઓને તેમના આર્શીવચન આપશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માં વિવિધ વિદ્યાશાખાઓમાં સ્નાતક,અનુસ્નાતક અને પી.એચ.ડી કક્ષાએ અભ્યાસ પૂર્ણ કરી ઉત્તીર્ણ થયેલ ૧૪૭૮વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે તેમજ વિવિધ વિદ્યાશાખાઓમાંસ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ઉત્તમ અભ્યાસપૂર્ણ કરેલ કુલ ૩૮ ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થીઓઅને ૧૮ પી.એચ.ડી સ્કોલર્સને ઉપસ્થિત મહેમાનશ્રીઓના વરદહસ્તે સુવર્ણચંદ્રકતથા પદવી એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવશે. પદવીદાન સમારોહને સફળ અને સાર્થક બનાવવા માટે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ,પ્રોવોસ્ટ, ડૉ.ડી. જે. શાહઅને રજિસ્ટ્રાર ડૉ.પ્રમોદકુમાર પાંડેના માર્ગદર્શન હેઠળ સમગ્ર યુનિવર્સિટી પરિવાર ઉત્સાહથી કાર્યરત છે. સ્વ. શ્રી સાંકળચંદ પટેલની પુણ્યતિથિનિમિત્તો તા. ૨૮/૧૧/૨૦૨૨ ના રોજ વિસનગર શહેરમાં વિવિધ જગ્યાએ પ્રસ્થાપિત પ્રતિમાને પુષ્પાંજલિ અને શ્રધ્ધા અર્પણનો કાર્યક્રમ સવારે ૦૮:૩૦ થી એ.પી.એમ.સી. વિસનગરથી શરૂઆત કરવાનું આયોજન કરેલ છે.

# સંવિધાન દિવસ નિમિત્તે ડૉ.ભીમરાવ બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભાજપાના ઉમેદવાર શ્રીમતી રીટાબેન પટેલ







કમલમ્ ન્યુઝ,

સંવિધાન દિન નિમિત્તે ભાજપાના ઉમેદવાર શ્રીમતી રીટાબેન કેતનભાઈ પટેલ, મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, સંગઠનના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓ, ચૂંટાયેલા સભ્યો, કાર્યકર્તાઓએ બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકરે વિશ્વના શ્રેષ્ઠમાંના એક એવા ભારતીય સંવિધાનની રચના કરી હતી તેમના દેશ માટેના યોગદાનનું સ્મરણ કરી તેમને પુષ્પાંજલી અર્પણ કરી હતી.

## તંત્રી સ્થાનેથી......

વડોદરા શહેર જિલ્લામાંવિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ તા. ૫ ડિસેમ્બરે યોજનાર છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી અતુલ ગોરના માર્ગદર્શન હેઠળ લોકશાહીના આ મહાપર્વમાં જિલ્લાનો કોઈ પણ મતદાર પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. વડોદરા શહેર જિલ્લામાં ૮૦ તથા દિવ્યાંગ અને અશક્ત મતદારોએ ઘરે બેઠા મતદાન કરવાની ઈચ્છા દર્શાવી હતી તેવા મતદારોની મતદાન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રાવપુરા વિધાનસભા મત વિભાગના ચૂંટણી અધિકારીશ્રી આર.બી.પરમારે જણાવ્યું હતું કે રાવપુરા વિધાનસભામાં આવા ૨૩ મતદારોએ ઘરે બેઠા મતદાન કરવાનો વિકલ્પ આપ્યો હતો. જે પૈકી એક મતદારનું અવસાન થતા કુલ ૨૨ મતદારોએ બેલેટ પેપરથી મતદાન કર્યું હતું. શ્રી પરમારે જણાવ્યું કે ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ આ મતદાન પ્રક્રિયાની સંપૂર્ણ વિડિયોગ્રાફી સાથે ગેઝેટેડ અધિકારીઓ અને પોલીસની હાજરીમાં આ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જે માટે રાવપુરા વિધાનસભા વિસ્તારમાં બે ટીમોનું ગઠન કરવામાં આવ્યું હતું. ભારતના ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલ નવતર પહેલના ભાગરૂપે ચૂંટણીમાં ૮૦ ,દિવ્યાંગ અને અશક્ત મતદારો પૈકી જે મતદારો મતદાન મથક સુધી જવામાં અસમર્થ હોય તેવા મતદારો માટે બી.એલ.ઓ.ના માધ્યમથી ફોર્મ ૧૨-ડી ભરવામાં આવ્યા હતા. આજે આવા મતદારોના ઘરે જઈ ચૂંટણી તંત્ર દ્વારા મતદાન કુટીર ઉભી કરી તેમને લોકશાહીના આ મહાપર્વના ભાગીદાર બનાવવામાં આવ્યા હતા.

# ભારતની કુલ વસ્તીમાં પચાસ ટકા હિસ્સો મહિલાઓનો, તો સ્ત્રીઓ શા માટે મતદાન કરવામાં પાછળ રહે

### મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં મહિલાઓ માટે 'મતદાર જાગૃતિ પરિસંવાદ'નું જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આયોજન



કમલમ્ ન્યુઝ,વડોદરા,


ભારતની કુલ વસ્તીમાં પચાસ ટકા જેટલો હિસ્સો ધરાવતા મહિલાઓની પણ લોકશાહીમાં ભાગીદારી વધે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાને રાખી યોજાયેલા પરિસંવાદમાં કેટલાક રસપ્રદ તારણો અને વિધાનો નીકળ્યા હતા. આ વખતની ચૂંટણીમાં બહુચર્ચિત મુદ્દો છે, અર્બન એપેથિનો ! એટલે કે જે લોકોને લોકશાહી, તેમાં મતદાન અને નાગરિકોની ભૂમિકા વિશે સારી રીતે ખબર હોવા છતાં તેના પ્રત્યે ઉદાસીન વલણ રહે છે. એટલું જ નહીં, મતદાન કરવાનું પણ ટાળે છે. આ પ્રકારના વલણના કારણે જ ગત ચૂંટણીમાં વડોદરા શહેરની બેઠકો કરતા વડોદરા ગ્રામ્યમાં આવેલી વિધાનસભા બેઠકો પર વધારે મતદાન થયું હતું. જેથી આ ચૂંટણીમાં શહેરી મહિલાઓની પણ મતદાન તરીકેની ભાગીદારી વધે, તેવા પ્રયત્નો જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અતુલ ગોર દ્વારા કરવામાં આવી રહ્યા છે. જિલ્લા આયુર્વેદ અધિકારી ડો. સુધીર જોશી દ્વારા સ્વીપ અંતર્ગત શહેરની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના દીપ ઓડિટોરિયમમાં સાંજે મતદાર જાગૃતિ પરિસંવાદ કાર્યક્રમ (મહિલા)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડોદરા શહેર વિસ્તારની મહિલાઓમાં મતદાન પ્રત્યે જાગૃતિ કેળવાય અને તંદુરસ્ત લોકશાહીને વધુ મજબૂત બનાવવાની પ્રક્રિયામાં ઉમળકાભેર ભાગ લે તે માટે સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા.

ખાસ મહિલાઓ માટે યોજાયેલા આ કાર્યક્રમમાં લોકશાહીમાં ચૂંટણી અને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરાના નિયામક શ્રીમતી મીતા જોશીએ મહિલાઓને મહત્તામ મતદાનની અપીલ કરી મતદાનના દિવસે સ્ત્રીશક્તિનો પરિચય બતાવવા કહ્યું, તો નાયબ પોલીસ કમિશનર શ્રીમતી પન્ના મોમાયાએ મહિલાઓ દ્વારા થતા મતદાનનું મહત્વ કન્યા કેળવણી જેટલું આંકીને મહિલા મતદારોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અંતે ડો. સુધીર જોશી દ્વારા મતદાનનું મહત્વ સમજાવતી ચૂંટણીલક્ષી પ્રશ્નોતરી રમતનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને જાણીતા રેડિયો જોકી જહાન્વીએ હોસ્ટ કર્યો હતો. આ કાર્યક્રમમાં ડી. સી. પી., ઝોન-૧, શ્રીમતી જુલી કોઠીયા; શ્રીમતી રાધિકા ભારાઈ, એ. સી. પી., શી ટીમ; એમ. એસ. યુનિવર્સિટીના આસિસ્ટન્ટ ડાયરેક્ટર ડો. શીતલ વેકરીયા, યુનિ.નોમહિલા અધ્યાપક ગણ, સી. આઈ. આઈ. કંપનીના અગ્રણી મહિલા અધિકારીશ્રીઓ સહિતના મહિલા કર્મચારીઓ, વર્કિંગ પ્રોફેશનલ્સ, મેડિકલ ક્ષેત્રની મહિલા અગ્રણીઓ, મહિલા ઉદ્યોગ સાહસિકો, વિદ્યાર્થિનીઓ સહિત મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# અમદાવાદ જિલ્લામાં સમાવિષ્ટ ૨૧ વિધાનસભા માટે પોલીસ અધિકારી-કર્મચારીઓ અને હોમગાર્ડ જવાનોએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું

### અમદાવાદ જિલ્લાની ૨૧ વિધાનસભા માટે ૯૯૦૮ પોસ્ટલ બેલેટ મતદાન થયું

**ચૂંટણી પંચ દ્વારા ઉભી કરાયેલ સ્પેશિયલ પોલિંગ ફેસીલીટી અંતર્ગત પોલીસ જવાનોએ મતદાન કરીને પોતાની ફરજ અદા કરી**



કમલમ્ ન્યુઝ,

ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨માં ચૂંટણીની ફરજમાં ફરજરત પોલીસ અધિકારી-કર્મચારી અને હોમગાર્ડના જવાનો પોતાના મત અધિકારનો ઉપયોગ કરી શકે તે માટે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પોસ્ટલ બેલેટ મતદાનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેનો ઉપયોગ કરીને આજે ૯૯૦૮ અધિકારી-કર્મચારીઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું. વિધાનસભાની ચૂંટણીમાં ફરજ પર રોકાયેલા સ્ટાફ માટે ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલી સ્પેશિયલ પોલિંગ ફેસીલીટી અંતર્ગત આજે ૨૬ નવેમ્બરના રોજ પોલીસ જવાનો માટે વોટીંગ કેમ્પની વ્યવસ્થા કરવામાં આવી હતી. જે સંદર્ભે અમદાવાદ જિલ્લાના પોલીસ વિભાગ માટે અલાયદા ૦૫ સેન્ટર પર પોલીસ કર્મીઓ માટે સવારે ૯:૦૦ થી સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધીમાં મતદાનની વ્યવસ્થા ગોઠવાઈ હતી. તદ્ અનુસાર પોલીસ હેડ કવાર્ટર, શાહીબાગ,કૃષ્ણનગરએસ.આર.પી. ગ્રાઉન્ડ, મકરબા ખાતેના પોલીસ પરેડ ગ્રાઉન્ડ, સીવી મિસ્ત્રી સરસ્વતી કન્યા વિદ્યાલય ધોળકા, ડીસીએમ કોલેજ વિરમગામ ખાતે પોસ્ટલ બેલેટ મતદાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ જિલ્લામાં સમાવિષ્ટ કુલ ૨૧ વિધાનસભા વિસ્તાર માટે અમદાવાદ જિલ્લામાં પાંચ કેન્દ્રોએ પોસ્ટલ બેલેટથી મતદાન કરવામાં આવ્યું હતું. પોલીસ કર્મીઓ અને હોમગાર્ડ જવાનો માં લોકશાહીના મહાપર્વમાં ચૂંટણીને લઈને ઉમંગ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.



કમલમ્ ન્યુઝ,મનુભાઈ ખાંડેખા

મોરબી જીલ્લા કોંગ્રેસ માલધારી સેલ ના સંયોજક શ્રી અમિતભાઈ રબારી ની આગેવાની માં ૧૦૦ સો ઉપરાંત માલધારી આગેવાનો ભાજપ માં જોડાઈ ટંકારા-પડધરી વિધાનસભા ભાજપ ના ઉમેદવાર શ્રી દુર્લભજીભાઈ દેથરીયા તેમજ સમગ્ર જીલ્લા મા જીતાડવા આહવાન કર્યું . મોરબી જિલ્લા પંચાયત નાં આરોગ્ય સમિતિ નાં ચેરમેન હીરાભાઈ ટમારિયા , વાલા ભાઈ રબારી સહિત નાં આગેવાનો દ્વારા દુર્લભજીભાઈ દેથરીયા ને જંગી બહુમતી જીતાડવા માટે અપીલ કરવા માં આવી છે.

# પુંસરી ગામના ૫૦ વર્ષના લગ્નજીવન ધરાવતા દંપત્તિનો સત્કાર સમારંભ યોજાશે

### વૃધો ની જિંદગીને યાદગાર બનાવવા નટુભાઈ ચૌધરી પરિવારનું આયોજન

કમલમ્ ન્યુઝ,હિંમતનગર

પુંસરી ગામના નટુભાઈ ચૌધરી પરિવાર એ આ વર્ષે નવતર પ્રયોગ હાથ ધર્યો છે પુંસરી અને આસપાસના ભરડીયા અજમેરપુરા અને અમરાપુર ગામના જે સૌથી વધુ ઉંમરલાયક છે અને પતિ પત્ની હયાત છે અને લગ્ન જીવનના ૫૦ વર્ષ થયા છે તેમના જીવનમાં પાછલી જિંદગીમાં ઉત્સાહિત કરવા માટે સન્માન સમારોહ અને ભોજન સમારંભ નું આયોજન કર્યું છે આ માટે ૫૦ વર્ષનું લગ્નજીવન ધરાવતા પરિવારનો સર્વે પણ હાથ ધર્યો છે આ અંગેની વિગતો આપતા પુંસરી ના નટુભાઈ ચૌધરી પરિવારનાનરેન્દ્ર પટેલેજણાવ્યું હતું કે પુસરી અને આસપાસના વિસ્તારના લોકો એ તેમના પિતાને અનન્ય માન સન્માન આપ્યું છે સાથે સાથે તેમના કામની કદર કરીને પુસરી ગામે તેમની પ્રતિમા પણ મૂકવામાં આવેલ છે સાથે પુંસરી ગામે સિનિયર સિટીઝન ક્લબ ની સ્થાપના પણ તેમણે કરી હતી

આગામી ૩૧ જાન્યુઆરી ૨૦૨૩ એટલે કે બે મહિનામાં નટુભાઈ ચૌધરી ને દેહાવસાન થઈ ૧૧ વર્ષ થાય છે ત્યારે તેમની પુણ્ય તિથિ અનોખી રીતે ઉજવવાનું નક્કી કર્યું છે આ પુણ્યતિથિએ પુંસરી અને આસપાસના વડીલો કે જેમના લગ્નજીવનને ૫૦ વર્ષ પૂર્ણ થયા છે તેવા દંપતીને સત્કાર સન્માન કરવામાં આવશે આવા પરિવારને નવા કપડાં સાથે તેમને વરઘોડા સ્વરૂપે તેમના ઘરેથી સ્ટેજ સુધી લાવવામાં આવશે જ્યાં તેમનું સન્માન કરાશે અને તેમના લગ્ન જીવનને ગોલ્ડન વર્ષ ગાંઠની ઉજવણી ધામધૂમ પૂર્વક કરાશે બેન્ડવાજા અને લગ્ન ગીતોની સુરાવલી વચ્ચે અરસપરસ ફુલહાર વિધિ અને શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર પણ કરાશે અને ગામના સિનિયર સિટીજનો જાનૈયા તરીકે હાજર રાખવામાં આવશે અને ભોજન સમારંભ પણ યોજવામાં આવશે ગોલ્ડન લગ્ન વર્ષ ગાંઠ નિમિત્તે હશે તેમના પરિવારના સભ્યોને પણ હાજર રાખવામાં આવશે અને આનંદ ઉલ્લાસમાં સહભાગી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે આ અંગે વધુ વિગતો આપતા નરેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે સમાજમાં વડીલો નો માન મોભો વધશે જીવનની ઢળતી ઉંમરે પહોંચેલા પરિવાર ની નીરસ જિંદગી ઉત્સાહી બનશે હતાશા અને ડિપ્રેશનમાં જીવતા વૃદ્ધોને માટે એક આનંદ સાથે નવી ઊર્જા મળશે અત્રે ઉલ્લેખનીય છે કે નટુભાઈ ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ પુંસરી સર્વજ્ઞાતિ સર્વ ધર્મ સમુહ લગ્નમાં ૧૫૧ દીકરીઓ પરણાવેલ છે જ્યારે પુંસરી ગામે અસ્થિ બેંક થકી ત્રણ હજાર જેટલા અસ્થિ હરિદ્વાર ખાતે વિસર્જિત કર્યા છે જ્યારે ૧૦ દીકરીઓ દત્તક લઈને વિદ્યા અભ્યાસ કરાવે છે આ ઉપરાંત કપડાં રેશમ કીટ જેવી અનેક પ્રવૃત્તિઓમાં હાલ કરે છે કાર્યરત છે મેડિકલ કેમ્પો નું આયોજન કરવામાં આવેછે



કમલમ્ ન્યુઝ,

ગાંધીધામ વિધાનસભા ના ગાંધીધામ તાલુકા પંચાયત વિરોધ પક્ષ નેતા અને ગળપાદર તાલુકા પંચાયત સદસ્ય શ્રી અલપેશભાઈ ઝરું કોંગ્રેસ ના તમામ હોદ્દા પરથી રાજીનામુ આપ્યું છે. શ્રી અલ્પેશભાઈ ઝરૂએ તેમના સમર્થકો શ્રી શામજી પચાણ બવા, શ્રી મોહનભાઈ ધનજી મરડ, શ્રી શાન્તિલાલ કરશન મ્યાત્રા, શ્રી અશ્વિન આગરીયા, શ્રી આશીષભાઈ મરડ, શ્રી દેવરાજ મરડ, શ્રી કિરણ દેવદાન બવા અને મોટી સંખ્યામાં કોંગ્રેસનાં કાર્યકરોએ ભાજપનો ખેસ ભાજપનાં કાર્યકારી પ્રમુખશ્રી વલમજીભાઈ હુંબલનાં હસ્તે ધારણ કર્યો હતો સાથે ગાંધીધામ મત વિસ્તારનાં ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરીને જંગી બહુમતીથી જીતાડવા તનતોડ મહેનત કરશે તેવી ખાત્રી ઉચ્ચારી હતો.કચ્છ જિલ્લા ભાજપ ના કાર્યકારી પ્રમુખ શ્રી વલમજીભાઈ હુંબલ કચ્છ જિલ્લા પંચાયત સહકાર અને સિંચાઈ સમિતિ ના ચેરમેન અને ગાંધીધામ વિધાનસભા ના ઈન્ચાર્જ શ્રી ધનજીભાઈ હુંબલ ની હાજરી માં ક્ષત્રિય સમાજ, કોળી સમાજ, બ્રહ્મ સમાજ,સાધુ સમાજ મળીને ૧૦૦ જેટલા કાર્યકરો સાથે મળીને અલ્પેશભાઈ જરું એ કેસરિયો ધારણ કર્યો....



કમલમ્ ન્યુઝ,ઈકબાલ મેમણ/યુનુસ મેમણ

સી.આર.સી કક્ષા હિંમતનગર દ્વારા હિંમતનગરની પાણપુર પ્રાથમિક શાળામાં તા. ૨૪/૧૧/૨૦૨૨ ના રોજ "વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન યોજવામાં આવેલ હતો. જેમાં સેંટ ઝેવિયર્સ અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાએ પોતાનું પ્રતિનિધિત્વ કરેલ હતું. જેમાં (૧) ગ્લોબલ વોર્મિંગ કૃતિ પ્રથમ ક્રમે અને (૨) રોડ સેફટી પાવર જનરેશન કૃતિ દ્વીતીય ક્રમે વિજેતા જાહેર થયેલ છે તો શાળાના પ્રિન્સીપાલ ફાધર અગસ્ટીન અને શાળાના પરિવાર અભિનંદન પાઠવે છે.

# સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભા હિંમતનગર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, ઈડર માટે અલગ અલગ કાઉન્ટર ઉભા કરાયા

### ચૂંટણી ફરજ ઉપરના ગૃહ વિભાગના પોલીસ, SRP, હોમગાર્ડસ, જી.આર.ડી ટ્રાફિક ટી.આર.પીના જવાનોએ હિંમતનગર ડી.એસ.પી કચેરી ખાતે ઉભા કરાયેલા મતદાન સુવિધા કેન્દ્ર ખાતેથી પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું. મોટી સંખ્યામાં કર્મચારીઓએ મતદાન કર્યું







કમલમ્ ન્યુઝ,હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં બીજા તબક્કામાં તારીખ ૫મી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ યોજાનારી વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ સંદર્ભે મતદાનના દિવસે સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભા હિંમતનગર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, ઈડર વિધાનસભા મતવિસ્તારની ચૂંટણીમાં ફરજ પર રહેનારા ગૃહ વિભાગના પોલીસ જીઈ, હોમગાર્ડસ અને જી.આર.ડી અને ટ્રાફિક ટી.આર.પી.ના જવાનો સહિત અધિકારી કર્મચારીઓ પણ ચૂંટણી પંચની સુચના મુજબ પોસ્ટર બેલેટથી મતદાન દ્વારા તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લા કલેકટરશ્રીઅને ચૂંટણી અધિકારી શ્રી હિતેષ કોયાના માર્ગદર્શન અને એસપીશ્રી વિશાલ વાઘેલાની રાહબરી હેઠળ આજે તારીખ ૨૬/૧૧/૨૦૨૨ ના રોજ સવારે ૮.૦૦થી સાંજના ૬.૦૦ કલાક સુધી ડી.એસ.પી કચેરી ખાતે ઉભા કરાયેલા મતદાન સુવિધા કેન્દ્ર ખાતે પોસ્ટલ બેલેટ પેપરથી મતદાન વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેમાં જિલ્લાના હેડકવાટર્સ ખાતે આવી વિવિધ કેડર્ના પોલીસ, હોમગાર્ડઝના જવાનોએ મતદાન કર્યું હતું અને પોલીસ કર્મીઓએ ઉત્સાહભેર લાંબી લાઈનમાં ઊભા રહીને મતદાન અંગે અનેરો ઉત્સાહ દાખવ્યો હતો. બપોરે ૩ વાગ્યા સુધીમાંજિલ્લામાં ૨૭-હિંમતનગર વિધાનસભામાં ૭૯૩ પોસ્ટલ બેલેટથી મતદાતાઓ નોંધાયા હતા. જેમાં ૪૫૦ મતદારોએ બેલેટ પેપરથી મતદાન કર્યુહતું. ૩૩-પ્રાંતિજ વિધાનસભામાં ૬૪૫ મતદારો નોંધાયા હતા જે પૈકી ૪૦૫ મતદાતાઓએ બેલેટ પેપરથી મતદાન કર્યુ હતુ. ૨૮- ઈડર વિધાનસભામાં ૭૩૩ મતદાતાઓ નોંધાયા હતા જેમાં ૨૫૫ મતદાતાઓએ મતદાન કર્યુ હતું. ૨૯-ખેડબ્રહ્મા વિધાનસભા બેઠક માટે ૧૦૨૩ મતદારો નોંધાયા છે જે પૈકી ૩૭૫ મતદાતાઓએ બેલેટ પેપરથી મતદાન કર્યુ હતુ.



કમલમ્ ન્યુઝ,

૧૨૨ લુણાવાડા વિધાનસભાના ઉમેદવાર શ્રી જીગ્નેશકુમાર સેવકે ચુંટણી પ્રચાર અંતર્ગત ઉંદરા જિલ્લા પંચાયતના કાનેલા ગામે ગ્રામજનો સાથે સંવાદ કરી ભારતીય જનતા પાર્ટીના સમર્થનમાં જંગી મતદાન કરી ફરી એક વખત સેવાનો અવસર આપવા માટે અપીલ કરી. જેમાં સાંસદ શ્રી રતનસિંહ રાઠોડ જી, ડેરીના ડિરેકટર શ્રી જુવાનસિંહ ચૌહાણ જી, લુણાવાડા તાલુકા મંડળ મહામંત્રી હિંમતસિંહ બારીઆ, તાલુકા સભ્ય સંજયભાઈ બારીઆ, સરપંચશ્રીઓ, હોદ્દેદારો, કાર્યકર્તાઓ તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા.

# મુન્દ્રામાં શંકાસ્પદ ઓરીનો કેસ દેખાતા આરોગ્ય તંત્ર એલર્ટ

**છીંક અને ઉધરસ દ્વારા ફેલાતા અત્યંત ચેપી રોગ ઓરીથી બચવા રસીકરણ જ એકમાત્ર ઉપાય**

**ઓરીની રસી લેવાથી રોગની તીવ્રતા ઘટી જાય છે**



કમલમ્ ન્યુઝ,મુન્દ્રા,

તાજેતરમાં મુન્દ્રાના મચ્છીપીઠ વિસ્તારમાં ઓરીનો શંકાસ્પદ કેસ દેખાતા આરોગ્ય તંત્ર દ્વારા સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં અન્ય કોઈ બીજા કેસો જોવા મળ્યા ન હતા. પરંતુ દેશભરમાં ઓરીના કેસો વધ્યા છે ત્યારે મુન્દ્રાનું આરોગ્ય તંત્ર એલર્ટ થઈ ગયુ છે. તાલુકાકક્ષાએ યોજાયેલ તબીબી અધિકારીઓની મિટિંગમાં આ અંગેની સૂચનાઓ આપવામાં આવી હતી. વધુ વિગત આપતા તાલુકા આરોગ્ય અધિકારી ડો. કૈલાશપતિ પાસવાને જણાવ્યું હતું કે ઉધરસ અને છીંક દ્વારા ફેલાતા અત્યંત ચેપી રોગ ઓરીનું સમયસર નિદાન અને સારવાર કરવામાં ન આવે તો આ રોગ જીવલેણ સાબિત થઈ શકે છે. પરંતુ જો બાળકને સમયસર ઓરી રુબેલા રસીના બે ડોજ આપવામાં આવ્યા હોય તેવા બાળકોને ચેપ લાગ્યા બાદ પણ રોગની તીવ્રતા ઓછી જોવા મળે છે અને બાળ જિંદગી બચાવી શકાય છે. સામાન્ય શરદીથી શરૂઆત થયા બાદ માથાનો દુખાવો, શરીરમાં પીડા, ગળામાં દુખાવાની બાળક ફરિયાદ કરતું હોય છે ત્યાર બાદ સૂકી ઉધરસ સાથે સતત તાવ આવવો એ ઓરીના લક્ષણો હોઈ શકે છે. ત્રણ થી પાંચ દિવસ પછી શરીર પર ફોલિયો દેખાય છે જેની

## બાકી રહી ગયેલા બાળકોના વાલીઓને ઓરી રૂબેલાની રસી સમયસર લઈ લેવા અપીલ કરવામાં આવી

શરૂઆત કપાળના ભાગથી થઈને સમગ્ર શરીરના નીચેના અંગો સુધી પહોંચે છે. આ રોગની કોઈ ખાસ સારવાર નથી પરંતુ લક્ષણો આધારિત દવા આપવામાં આવે છે. મુન્દ્રાના પાંચ વર્ષના બાળકને ઉધરસ સાથે તાવ આવતા પ્રથમ સ્થાનિકે ડો. આરીફ ગાંચી પાસેથી સારવાર કરાવ્યા બાદ ફરક ન પડતા વધું સારવાર માટે માંડવીના બાળ રોગ નિષ્ણાંત ડો. સચદે પાસે નિદાન કરાવતા શંકાસ્પદ ઓરી હોવાનું માલુમ પડ્યું હતું. જેનું મુન્દ્રાની શાળા આરોગ્ય ટીમના ડો. સંજય યોગી તથા ડો. સુહાના મિસ્ત્રીની ટીમ દ્વારા રોગના ચોક્કસ નિદાન માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા. સંબંધિત બાળકે ઓરીના રસીના બન્ને ડોજ લીધેલા હોવાથી રોગની તીવ્રતા ઓછી જોવા મળી હતી. જે બાળકોની રોગ પ્રતિકારક શક્તિ નબળી છે તથા જેમણે આ રસી નથી લેવડાવી તેવા બાળકો આ રોગનો સહેલાઈથી શિકાર થઈ શકે છે. જેમાં સમાન્યત તાવ, શરદી, ઉધરસ, શરીર પર દાણા થવા વગેરે જેવા લક્ષણો જોવા મળે છે અને અતિ ગંભીર પરિસ્થિતિમાં બાળક મોતના મુખમાં પણ ધકેલાઈ શકે છે. અને જ્યાં સુધી ૯૫ ટકાથી વધુ રસીકરણ ન થાય ત્યાં સુધી ઓરી રૂબેલાને નાથવો મુશ્કેલ છે જે માટે તમામ વાલીઓ પણ પોતાના બાળકોને નજીકના સરકારી દવાખાના કે ખાનગી બાળરોગ નિષ્ણાંત પાસે રસી મુકાવીને રાષ્ટ્રીય કામગીરીમાં સહયોગ આપી દેશમાંથી ઓરી રૂબેલા નાબૂદ કરવા સહકાર આપે એવી અપીલ મુન્દ્રાના તાલુકા હેલ્થ ઓફિસર ડો. કૈલાસપતિ પાસવાન દ્વારા કરવામાં આવી છે.

# વલસાડ જિલ્લામાં ૧૭૯૪ પોલીસ જવાનોના પોસ્ટલ બેલેટ મતદાનનો પ્રારંભ, જિલ્લા ચૂંટણી અધિકારી ક્ષિપ્રા આગ્રેએ મતદાન મથકની મુલાકાત કરી

**પ્રથમ દિવસે શુક્રવારે વલસાડ અને કપરાડા મત વિસ્તારમાં મતદાન થયુ જ્યારે બીજા દિવસે શનિવારે ધરમપુર, પારડી અને ઉમરગામ વિધાનસભા મત વિસ્તારમાં મતદાન થશે**

કમલમ્ ન્યુઝ,વલસાડ

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨માં વલસાડ જિલ્લા ચૂંટણી તંત્ર યુધ્ધના ધોરણે કામગીરીકરી રહ્યુંછે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ફરજ બજાવનાર પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, હોમગાર્ડ, ગ્રામ રક્ષાક દળ અને સાગર રક્ષક દળના જવાનો પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી-વ- જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રેના માર્ગદર્શન હેઠળ ચૂંટણી તંત્ર દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાનની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તા. ૨૫ અને ૨૬ નવેમ્બર બે દિવસ માટે જિલ્લાની પાંચ બેઠક પર નોંધાયેલા કુલ ૧૭૯૪ પોલીસ જવાનોના મતદાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત મોગરાવાડી પોલીસ હેડ કવાર્ટર ખાતેના બુથ સેન્ટરની જિલ્લા ચૂંટણી અધિકારી ક્ષિપ્રા આગ્રેએ મુલાકાત લીધી હતી. આ સમયે ટાઉન પ્લાનર અને બેલેટ પેપર નોડલ પ્રશાંત સોની, પાલિકા ચીફ ઓફિસર સંજય સોની, તાલુકા વિકાસ અધિકારી રાહુલ પટેલ, સિટી મામલતદાર કલ્પના ચૌધરી, પોલીસ હેડ કવાર્ટરના પીઆઈ એ.વી.મકવાણા, માઈક્રો ઓબ્ઝર્વર વિપુલ પટેલ અને એટીડીઓ ફિરોજખાન પઠાણ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત વલસાડ જિલ્લામાં મતદાનની ટકાવારી વધે અને વધુમાં વધુ મતદારો મતદાન કરવા માટે પ્રેરાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્રદ્વારા શ્રેણીબદ્ધ રીતે અનેક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. દરમિયાન જિલ્લાના પોલીસ કર્મચારીઓ તા. ૧ ડિસેમ્બરે મતદાનના દિવસે બંદોબસ્તમાં હોવાથી મતદાન કરી શકે તેમ ન હોય ચૂંટણી તંત્ર દ્વારા તા.૨૫ અને ૨૬ નવેમ્બરના રોજ પોસ્ટલ બેલેટથી મતદાનની કામગીરી હાથ ધરવામાં આવી છે. પ્રથમ દિવસે વલસાડ અને ઉમરગામ વિધાનસભા મત વિસ્તારના પોલીસ જવાનો માટે પોસ્ટલ બેલેટથી મતદાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૭૯- વલસાડ વિધાનસભા મત વિસ્તારમાં નોંધાયેલા ૫૩૪ અને ૧૮૧- કપરાડા વિધાનસભા મત વિસ્તારમાં નોંધાયેલા ૨૯૩ પોલીસ, હોમગાર્ડ, જીઆરડી અને એસઆરડીના જવાનોના મતદાનનો પ્રારંભ થયો હતો.



વલસાડમાં મોગરાવાડી પોલીસ હેડ કવાર્ટરના કોમ્યુનિટી હોલમાં અને કપરાડામાં મામલતદાર કચેરીના મીટિંગ હોલમાં સવારે ૯ થી બપોરે ૩ વાગ્યા સુધી મતદાન થયું હતું. તા. ૨૬ નવેમ્બરના રોજ સવારે ૧૦-૩૦ થી બપોરે ૩-૩૦ સુધી ૧૭૮- ધરમપુર મત વિસ્તારના ૪૧૪ પોલીસ જવાનો ધરમપુર મામલતદાર કચેરીના સભાખંડમાં, ૧૮૦- પારડી વિધાનસભા મત વિસ્તારના ૨૯૪ જવાનો પારડી મામલતદાર કચેરીના સભાખંડમાં સવારે ૯ થી બપોરે ૩ સુધી અને ૧૮૨- ઉમરગામ વિધાનસભા મત વિસ્તારના ૨૫૯ જવાનો સવારે ૯ થી બપોરે ૩ સુધી ઉમરગામ તાલુકા પંચાયતની કચેરીના સભાખંડમાં પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે.

# અબોલા જીવોની રક્ષા માટે પ્રેરણારૂપ મુન્દ્રા તાલુકાના પ્રાગપરનું એક્રરવાલા અહિંસાધામ

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્રમાં ૩૦૦૦થી વધારે ગૌવંશની સુરક્ષા અને સંવર્ધન કરવામાં આવે છે.**

**વિશ્વના પ્રથમ બળદ મંદિર "ગોપાલ" નો રેકોર્ડ આજે પણ અકબંધ છે.**





**દર વર્ષે ૧૫૦૦૦થી વધારે પર્યટકો આ કરુણા તીર્થની મુલાકાત લે છે.**

કમલમ્ ન્યુઝ,મુન્દ્રા,

પ્રકૃતિ અને સંસ્કૃતિનો અનોખો સમન્વય સાધીને અસહાય અને અશક્ત પશુ પંખી અને ગૌવંશની સેવા ચાકરી માટે છેલ્લા ૩૨ વર્ષથી મુન્દ્રા તાલુકાના પ્રાગપર નજીક એક્રરવાલા અહિંસાધામ કાર્યરત છે. આ નેસર્ગીક પરિસરમાં ૧૯૯૨માં જન્મેલા "ગોપાલ" બળદની સમાધી સ્થાને અષ્ટસ્તંભવાળું કલાત્મક ગોપાલનંદી સ્મૃતિ મંદિર એ અહીંની એક આગવી ઓળખ છે. વિશ્વના આ પ્રથમ બળદ મંદિરનો ૨૦૦૩થી લીમ્કાબુક અને ગિનિસ વર્લ્ડ બુકમાં નોંધાયેલ રેકોર્ડ આજે પણ અકબંધ છે જે કચ્છ માટે ગૌરવરૂપ ઘટના છે. દેશ-વિદેશમાં અજાયબી ધરાવતો આ બળદ શિવલિંગ આકારની કુંધ અને ઓમકાર આકારના ૧૦ ફૂટ લંબાઈ અને ૭૦ કીલો વજનના શિંગડા ધરાવતો હતો, જે આજે પણ સંસ્થાના મ્યુઝિયમમાં દર્શનાર્થે રાખવામાં આવ્યા છે. ૭૬૫ કિલો જેટલું વજન ધરાવતા આ ગોપાલ બળદને ૨૦૦૪માં સમાધી આપી તે સ્થાન ઉપર બંધાયેલ મંદિર આજે અનેકોની પ્રેરણાનું ઉદગમ સ્થાન બન્યું છે. જ્યાં પલાઠી વાળીને બેસવાથી અલોકીક આનંદ સાથે આજે પણ સંવેદનાના સ્પંદનો અનુભવાય છે. સંસ્થાના જનસંપર્ક અધિકારી ગિરીશભાઈ નાગડાએ જાણીતા ગૌસેવક ડો. કેશુભાઈ મોરસાણીયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે આજે ૩૦૦૦થી વધારે ગૌવંશની સુરક્ષા અને સંવર્ધન કરતી સંસ્થાના સૂત્રધાર મહેન્દ્રભાઈ સંઘોઈ અને હરેશભાઈ વોરાના માર્ગદર્શનમાં સંસ્થાની ઉર્જાવાન ટીમ અનુકંપા પ્રેરિત જન આંદોલન થકી સંસ્થાનો વિકાસ અને વિસ્તાર કરી રહી છે. વાત્સલ્યમયી ગૌમાતાના વંશ અને અંશનો આખલા, ખુંટ કે ઢગાને બદલે "નંદી મહારાજ"ના નામે સંબોધન કરવાથી જન અને જનાવર વચ્ચે આત્મીયતા બંધાય છે અને તેમાંથી જ સંવેદના અને સહાનુભુતિ પ્રગટે છે. બળદ ગાડામાં આવતી જાન, આંગણે થતો ગૌ પૂજન કે નંદીને ધરાવાતું નૈવેદ્ય એક અલગ જ ભાવ જગત ઉભું કરે છે. દર વર્ષે દેશ-વિદેશથી ૧૫૦૦૦થી વધુ પર્યટકો આ કરુણા તીર્થ સ્થાનની મૂલાકાત લે છે અને જેના પ્રત્યેક કણમાં ભરપુર ભારતીયતાનો અનુભવ થાય છે એવી આ અભય ભૂમિમાં પ્રત્યેક પ્રવાસીના અંતરમનમાં અનુકંપાની અમીટ છાપ લઈને જાય એવું દર્શનીય પ્રેરણાદાયી વાતાવરણ અહીં જોવા મળે છે. જ્યાં જન કરતા જનાવરોની સંખ્યા વધુ છે એવા કચ્છ જીલ્લામાં આવેલા આ અહિંસાધામમાં અબોલા જીવોની સારવાર માટે અત્યાધુનિક પશુ દવાખાનું ત્રણ આઈ.સી.યુ. યુનિટ સાથે કાર્યરત છે. જેનો કચ્છના ૧૦ તાલુકાના ૯૫૨ ગામને લાભ મળે છે. ભારતભરની પાંજરાપોળો માટે આ સંસ્થા નમુનારૂપ વ્યવસ્થાપન પ્રયોગશાળા છે. દર વર્ષે દાંતિવાડા કૃષિ યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ પ્રાણી વિદ્યાના પ્રત્યક્ષ પાઠ શિખવા માટે આ સંસ્થામાં આવે છે. અનાદીકાળથી લોક માનસમાં અને લોક સંસ્કૃતિમાં અદકેરું સ્થાન ધરાવતી ગૌમાતા અને ગૌવંશથી ભારતીય ગ્રામીણ અર્થતંત્ર સમૃદ્ધ હોય ત્યારે અબોલ જીવોના રાજીપાથી પ્રકૃતિ પણ પ્રસન્નતા અનુભવતી હોય છે. આજે ચોતરફ વિષાદ અને વિષયુક્ત વાતાવરણથી ધરતીમાતા પણ આક્રંદ સાથે પીડા અનુભવી રહી છે ત્યારે ભારતીયતાથી ભરપુર આ અહિંસાધામમાં ગૌવંશની પુનઃ પ્રતિષ્ઠા કરવા માટે કર્મઠ કાર્યકર્તાઓની ઉત્તમ ટીમ કાર્યરત છે. અનુકંપાની અલકનંદા જ્યાં અવતરી છે એ મૂર્તિમંત જીવંત ઉદાહરણ રૂપ ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એક્રરવાલા અહિંસાધામની પ્રત્યક્ષ મૂલાકાત લઈને પ્રવાસીઓ ગૌ સેવા માટે યથાયોગ્ય દાન આપે એવી સંસ્થા તરફથી અપીલ કરવામાં આવી છે.

# સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભા વિસ્તારમાં લોકશાહીના અવસર અંતર્ગત ઈકો ફ્રેન્ડલી મતદાર જાગૃતિ રેલી યોજાશે

**૨૯ નવેમ્બરે ૧૧ વાગ્યે સવારે ઊંટ લારીમાં શણગાર સાથે NCC-NSS અને શાળા કોલેજના વિદ્યાર્થીઓ ડ્રમ ડીજે સાથે ૨ થી ૩ કિલોમીટર સુધી પ્લેકાર્ડ, બેનર્સ સાથે વિદ્યાર્થીઓ શિક્ષકો અને નાગરિકો રેલીમાં જોડાશે મતદાન માટે જાગૃતિ સંદેશ પ્રસરાવશે**



કમલમ્ ન્યુઝ,હિંમતનગર

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંતર્ગત ઉત્તર ગુજરાતમાં બીજા તબક્કામાં ૫મી ડિસેમ્બરે મતદાન યોજાશે. જે અંતર્ગત પૂર્વે જિલ્લા વહીવટી તંત્ર સાબરકાંઠા દ્વારા જિલ્લાની ચાર વિધાનસભા હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, ખેડબ્રહ્મા મતવિસ્તારમાં લોકો વધુને વધુ મતદાન કરે અને મતદાન અંગે લોકોમાં જાગૃતિ આવે તે આશયથી આગામી તારીખ ૨૯/૧૧/૨૦૨૨ના મંગળવારના રોજ સવારે ૧૦ કલાકે એક દિવસ એક કલાક સુધી શહેરના વિવિધ માર્ગો પર ઊંટ લારીમાં શણગાર સાથે એન.સી.સી. એન.એસ.એસ તથા શાળા કોલેજના વિદ્યાર્થીઓ અને જાગૃત નાગરિકો દ્વારા શિક્ષકો પોલીસ બંદોબસ્ત સાથે ડ્રમ ડીજે સાથે યુનિફોર્મમાં સૂત્રોચાર, પ્લેકાર્ડ, બેનર્સ સાથે ૨ થી ૩ કિલોમીટરના અંતરે રાજમાર્ગો પર રેલી યોજવામાં આવશે અને સ્થાનિક આર.ઓ પ્રાંત અધિકારી દ્વારા તથા જિલ્લા કક્ષાની રેલીમાં જિલ્લા કલેકટરશ્રી દ્વારા આ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવશે અને મતદાન અંગે જાગૃતિ સંદેશો પ્રસરાવી મતદારોને અચૂક મતદાન કરવા માટે અપીલ કરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારી અને સ્વીપ પ્લાનના નોડલ અધિકારી દ્વારા ઈકો ફ્રેન્ડલી મતદાર જાગૃતિ રેલી માટેનું આયોજન અને અમલવારી કરવામાં આવશે તે માટે અધિક નિવાસી કલેકટર શ્રી દિગંત બ્રહ્મભટ્ટ દ્વારા તાજેતરમાંએક બેઠક બોલાવી કાર્યયોજનાને આખરી ઓપ આપવા સૂચના આપવામાં આવી હતી.

# ગજેન્દ્રસિંહ પરમારને ૨૦૧૭ કરતાં અનેક ગણી લીડથી જીતાડીને વિધાનસભામાં મોકલવા સ્વયંભૂ જનતાનો હૂંકાર

**તાલુકાઓના દરેક ગામડાઓમાં શિયાળાની કડકડતી ઠંડીમાં ગજેન્દ્રસિંહ પરમારને ઠેર-ઠેર પ્રચંડ સમર્થન**









**પ્રાંતિજ-તલોદના ભાજપના ઉમેદવાર ગજેન્દ્રસિંહ પરમારનો અવિરત ઝંઝાવાતી પ્રચાર, લોકોનો મીઠો આવકાર**

કમલમ્ ન્યુઝ,મનુભાઈ નાયી,

સાબરકાંઠા જિલ્લાની તલોદ-પ્રાંતિજ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા પ્રચાર અભિયાન તેજ કરવામાં આવ્યું છે. બંને તાલુકાના સેંકડો ગામોમાં વહેલી સવારથી શરૂ થતો પ્રચાર મોડી રાત સુધી ચાલી રહ્યો છે અને જનતા ધારાસભ્યને અભૂતપૂર્વ આવકાર આપી રહ્યા છે અને ૨૦૧૭ કરતાં અનેક ગણી લીડથી જીતાડવા માટે હૂંકાર કરી રહ્યા છે.

બંને તાલુકાના ગામડાઓમાં ધારાસભ્યને મીઠો આવકાર મળી રહ્યો છે અને જનતા સ્વયંભૂ સભાઓમાં ઉમટી રહી છે અને પોતાના માનીતા ધારાસભ્યને જીતાડવા માટે હૂંકાર કરી રહી છે. ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર અને તેમના ટેકેદારો-સમર્થકો દ્વારા છેલ્લા કેટલાય સમયથી પ્રચાર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. રોજના ૨૦થી ૨૫ ગામડાઓમાં રૂબરૂ મળીને લોકોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે.

શનિવારે પણ ધારાસભ્ય દ્વારા અહમદપુરા, મોરાલડુંગરી, છત્રીસા, ગોરા, આંજણા, દેસાઈપુરા, બાદરજીના મુવાડા, ચંદપુર, રૂપાલ, તલોદ ગામ, જૂના ધાધવાસણા, નવા ધાધવાસણા, ટાંટરડા, દોલતાબાદ (જૂનાવાસ), પોયડા, વિશ્વાસીપુરા, ધનપુરા કંપા, ગોરાટીંબા, સુલતાનપુર, ભમરેચીના મુવાડા, ગુલાલની મુવાડી, નાની શિહોલી અને અક્કલની મુવાડીમાં પ્રચાર શરૂ કરવામાં આવ્યો હતો. તેમની સાથે મોટી સંખ્યામાં ટેકેદારો અને સમર્થકો જોડાયા હતા અને ગામે ગામ જનતાનો રૂબરૂ સંપર્ક કરવામાં આવ્યો હતો.

ઉપરોક્ત તમામ ગામડાઓમાં ગજેન્દ્રસિંહ પરમારનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને અનેક જગ્યાએ ઘોડા ઉપર બેસાડીને તેમનો વરઘોડો પણ કાઢવામાં આવ્યો હતો.

બંને તાલુકાઓના ગામડાઓમાં ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારને જંગી બહુમતિથી જીતાડવા માટે જનતાએ હૂંકાર કર્યો છે. ગજેન્દ્રસિંહ પરમાર પણ લોકોના આશીર્વાદ મેળવી રહ્યા છે અને અપાર પ્રેમ આપવા બદલ તેમનો આભાર પણ વ્યક્ત કરી રહ્યા છે. દરેક ગામડાઓની સભામાં લોકો ગજેન્દ્રસિંહ પરમાર ઉપર અપાર પ્રેમ અને હેત વરસાવી રહ્યા છે.

ચોતરફ શિયાળાની જમાવટ થઈ છે અને કાતિલ ઠંડી અનુભવાઈ રહી છે તેવા સમયમાં પણ અનેક ગામડાઓમાં રાત્રે પણ લોકો સ્વયંભૂ સભામા ઉમટી રહ્યા છે.

ગજેન્દ્રસિંહ પરમારને દરેક ગામોમાં અભૂતપૂર્વ આવકાર મળી રહ્યો છે અને લોકોમાં અપાર આનંદની લાગણી જોવા મળી રહી છે.

